# શહેરમાં ફરી ઠંડીનુ જોર વધ્યુ લઘુત્તમ તાપમાન ૯.૪ ડીગ્રી

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી ઠંડીમાં રાહત અનુભવતા નગરજનો હવે ઠંડીએ વિદાય લઈ લીધી છે તેમ માનતા હતા પરંતુ આજે અચાનક જ ઠંડીનો પારો ૩.૪ ડીગ્રી ગગડતા લઘુત્તમ તાપમાન સિંગલ ડીઝીટમાં આવી ગયુ હતુ. ઠંડીનો પારો ૯.૪ ડીગ્રીએ પહોંચી ગયો હતો. બીજીતરફ દિવસનુ તાપમાન પણ ‌ઉંચા ઉંચકાયુ હતુ. મહત્તમ તાપમાન પણ દોઢ ડીગ્રીના વધારા સાથે ૩૦ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ જેથી દિવસે ઉનાળા જેવો તાપ અને વહેલી સવારે અને રાત્રિના સમયે ગુલાબી ઠંડીનો અહેસાસ કરતા નગરજનો બેવડી ઋતુથી પ્રભાવિત થયા હતા. હવામાન તજજ્ઞોનાના મતે હજુ આગામી ૧૯ ફેબ્રુઆરી સુધી ઠંડીની અસર વર્તાશે. જો કે ત્યારબાદ ધીમે ધીમે ઠંડીનુ જોર નહીંવત થઈ જશે

ગાંધીનગરમાં આ વર્ષે શિયાળાની મોસમ વધુ આકરી પુરવાર થઈ છે. રાજયમાં ગાંધીનગર સૌથી ઠંડા શહેર તરીકે ઉભરી આવ્યુ છે. ઠંડીની સિઝનમાં ઘણાં દિવસો સુધી લઘુત્તામ તાપમાન સિંગલ ડીઝીટમાં જોવા મળ્યુ છે. ગત મહીનામાં ઠંડી છેલ્લા એક દાયકાની દ્રષ્ટીએ રેકર્ડે બ્રેક રહી હતી. ત્યારબાદ પણ સતત ઠંડીનો મિજજ ઉગ્ર રહેતા સુસવાટા મારતા પવન સાથે ઠંડીનુ જોર વિશેષ રહ્યુ હતુ. જયારે ફેબ્રુઆરી મહીનામાં ઠંડીનુ જોર



**છેલ્લા ચાર પાંચ દિવસથી ઠંડીમાં રાહત અનુભવતા નગરજનો ફરી કોલ્ડવેવની ગિરફ્તમાં : દિવસનુ તાપમાન ઉંચકાતા ડબલ સિઝનની અસરથી નગરજનો પ્રભાવિત**

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ૪૦ દિવસ બાદ ૫૦થી ઓછા કેસ નોંધાયા

**શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર કુડાસણમાં ૧૦, રાયસણમાં ૬, રાંદેસણમાં ૪ કેસ નોંધાયા : શહેરના સેક્ટરોમાં સેક્ટર-૧૯ અને ૨૨ માં ૪-૪ કેસ, સે. ૨ માં ૩ કેસ, સે. ૬ માં ૨ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં ૪૦ દિવસ બાદ કોરોનાના કેસો ૫૦ કરતાં ઓછા નોંધાયા છે. શહેરમાં આજે કોરોનાના નવા ૪૮ કેસ નોંધાયા છે.

શહેરમાં કોરોનાના કેસોમાં વધ-ઘટ થતી રહેતી હોવાથી તંત્ર ચિંતાતુર છે. જો કે સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે. શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૯૮૦૦ની નજીક પહોંચવા આવી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાંથી એક દર્દીને સઘન સારવારની જરૂર જણાતાં ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલી ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં છુટા છવાયા કેસો મળી રહ્યા હોવાથી તંત્રએ સઘન સર્વેલન્સ કરવા પર ભાર મુક્યો છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તે માટે તાકીદ કરી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૨૯ મહિલા દર્દી છે. ૭ દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે. ૬ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયના છે.

શહેરમાં આજે ૧૦ કે તેથી ઓછી આયુ ધરાવતા ૩ દર્દી નોંધાયા છે.

પાલજમાં ૭ વર્ષનો દિકરો, કુડાસણમાં ૬ વર્ષની દિકરી, સે. ૨૨ માં ૧૦ વર્ષનો દિકરો સંક્રમિતોની યાદીમાં છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં કુડાસણમાં ૧૦, રાયસણમાં ૬, રાંદેસણમાં ૪ કેસ નોંધાયા છે. આ ઉપરાંત વાવોલ, સરગાસણમાં ૨-૨ કેસ, પાલજમાં ૩ કેસ, ઝુંડાલ અને ભાઈજીપુરામાં ૧-૧ કેસ નોંધાયેલ છે.

શહેરના સેક્ટરોમાં સેક્ટર-૧૯ અને ૨૨ માં ૪-૪ કેસ, સે. ૨ માં ૩ કેસ, સે. ૬ માં ૨ કેસ નોંધાયા છે. આ ઉપરાંત સે. ૧, ૩, ૪, ૭, ૮, ૨૩ અને ૩૦ માંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં મોટાભાગના દર્દીઓ માઈલ્ડ સિમ્ટમ્સ ધરાવતા હોવાથી હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા છે. તંત્રએ કોરોના ગાઈડલાઈન્સ તમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાય તે માટે તાકીદ કરી છે.

શહેરમાં ૬૦૦થી વધુ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. આજે ૨૦૦થી વધુ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

# શહેરમાં ઉભા સુકા જોખમી વૃક્ષો દુર કરવા માટે વનતંત્રએ કામ શરૂ કર્યુ

**સે-૫ અને સે-૬ ના કોર્નર પાસે સુકા વૃક્ષોની કટોતી કરવામાં આવી : મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં ટ્રીમીંગના અભાવે પણ રહીશોન હાલાકી : નમી પડેલા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ**

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરના સેકટરોમાં હરિયાળા વૃક્ષોની વનરાજી વચ્ચે ઉભા સુકા જોખમી વૃક્ષોની સંખ્યા વિશેષ છે. વરસાદી દિવસો દરમિયાન વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. પરંતુ વૃક્ષોનુ ટ્રીમીંગ તેમજ જોખમી વૃક્ષોને દુર કરવા માટે સમયાંતરે કામગીરી હાથ ધરવામાં આવતી નથી જેના લીધે નગરના વોક તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં રહીશો માટે વૃક્ષોની ડાળીઓ આડશરૂપ બને છે. શહેરમાં સુકા વૃક્ષો પણ વધુ છે. ત્યારે આવા જોખમી વૃક્ષો દુર કરી નવા રોપાઓની વાવણી કરવામાં આવે તેવી લાગણી પણ પ્રબળ બની છે. વનતંત્ર દ્વારા ગ માર્ગ આસપાસ સે-૫ :૬ ની ચોકડી પાસે જોખમી વૃક્ષોની કટોતી કરવામાં આવી હતી.

ગાંધીનગર શહેરમાં એકબાજુ હરિયાળા વૃક્ષોની કટોતી થતા પ્રકૃતિ પ્રેમીઓમાં રોષ પ્રવર્તયો છે. વિકાસના અનેકવિધ કામોના આયોજનના લીધે હરિયાળીનો સોથ વળે છે. બીજીતરફ સેકટરોના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારોની આસપાસ વૃક્ષોની વનરાજી વચ્ચે અનેક દુવિધાઓ પણ પાંગરી રહી છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ લાંબા સમયથી વૃક્ષોનુ ટ્રીમીંગ કરાયુ નથી જેના લીધે વૃક્ષોની લટકતી તોતિંગ ડાળીઓ સ્ટ્રીટ લાઈટના થાંભલા માટે આડશ બની છે. વાહનચાલકો તેમજ વોકીંગ કરનારાઓ માટે પણ વૃક્ષોની ડાળીઓ નડતરરૂપ બની છે. નગરના વોક વે પર વોકીંગ કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. ફુટપાથ પર વૃક્ષોના થડીયા પણ અકસ્માતનુ કારણ બને તેમ છે. જયારે શહેરમાં હરિયાળા વૃક્ષો વચ્ચે ઉભા સુકા જોખમી વૃક્ષો પણ હજુ અસ્તિત્વ ધરાવે છે. વનતંત્રએ આ મામલે અગાઉ સર્વે હાથ ધર્યો હતો જેના અંતે અંદાજિત ૩૦૦ જેટલા જોખમી વૃક્ષો હોવાનુ ધ્યાને આવ્યુ

● અનુસંધાન પાન-૭ પર

## આજે મહાનગર ભાજપ દ્વારા પ્રબુદ્ધ નાગરિક સંમેલન

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા તા.૧૩ ફેબ્રુઆરીના રોજ સ્વામિનારાયણ ગુરૂકુળ, સેક્ટર-૨૨ ખાતે સાંજે ૪ કલાકે કેન્દ્રીય બજેટ સંદર્ભે પ્રબુદ્ધ નાગરિક સંમેલનનું આયોજન કરાયું છે.

શહેરની તમામ સ્વૈચ્છિક સંસ્થાઓના પદાધિકારીઓ તથા સૌ સક્રિય નાગરિકોને ઉપસ્થિત રહેવા અખબારી યાદીમાં જણાવાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય બજેટ સંદર્ભે દેશભરમાં સમજ આપવાના હેતુસર જિલ્લા કક્ષાએ અનો રાજય કક્ષાએ અલગ-અલગ વકતાઓના માધ્યમથી સંમેલનોનું આયોજન કરાયું છે.

# જિલ્લાના બાકી વિકાસ કામો ઝડપથી પૂરા કરવા તાકીદ કરાઈ

**લાઈન-ડિપાર્ટમેન્ટના અધિકારીઓને નવા વર્ષનું ઝડપથી આયોજન મોકલી આપવા પણ સૂચના**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાનું વર્ષ-૨૦૨૨-૨૩ના વર્ષ માટેનું આયોજન લાઈન ડિપાર્ટમેન્ટના અધિકારીઓને તાકીદે મોકલી આપવા જણાવવામાં આવ્યુ છે.

જિલ્લાના લાઈન ડિપાર્ટમેન્ટના અધિકારીઓની મળેલ બેઠકમાં ૨૦૨૦-૨૧ના જે કામો બાકી છે તે સત્વરે પૂર્ણ કરવા માટે આ બેઠકમાં તાકીદ કરવામાં આવી હતી. ૨૦૨૦-૨૧ના ૮૭ કામો હાલ બાકીમાં હોવાનું જાણવા મળેલ છે.

વર્ષ-૨૦૨૧-૨૨માં ૫૬૦ જેટલા કામો પ્રગતિ હેઠળ હોવાનું તેમજ ૨૮૦ જેટલા કામો પૂર્ણ થયાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં ૧૯ ગામ અને એક નગરપાલિકા વિસ્તાર આ વખતે મહાનગરપાલિકામાં ભળતાં નગરપાલિકાને આયોજનની ગ્રાન્ટ જે મળતી હતી તેમાં કાપ આવશે. જિલ્લામાં નવી સ્થિતિને ધ્યાને રાખી અને આયોજન તૈયાર કરવામાં આવે તેવી પણ સૂચનાઓ આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે તાલુકા કક્ષાએથી આયોજનો મળી ગયા પછી માર્ચ મહિનાના પ્રથમ પખવાડિયામાં જિલ્લા આયોજન મંડળની બેઠક પ્રભારીમંત્રીના અધ્યક્ષસ્થાને યોજાશે.

જિલ્લામાં આયોજન મંડળ દ્વારા વિકાસના નાના કામો હાથ ધરવામાં આવે છે. આ માટે તાલુકાકક્ષાએ આયોજન સમિતિની બેઠકો ૨૫મી સુધીમાં યોજાઈ જશે અને ત્યારબાદ જિલ્લાકક્ષાએ આયોજનને આખરી ઓપ આપી દેવામાં આવશે.

# રાજયમાં નવા ૧૬૪૬ કેસ નોંધાયા : ૩૯૫૫ રિકવર થયા

**૨૦ના મોત : અત્યાર સુધીમાં કોરોનાને ૧૧,૮૭,૨૪૯ દર્દીઓ કોરોનાને મ્હાત આપી**

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતમાં કોરોનાનો આંકડો ખુબ જ ઝડપથી ઘટી રહ્યો છે. રોજે રોજ કોરોનાના કેસમાં ઝડપથી ઘટાડો આવી રહ્યો છે. આજે રાજયમાં માત્ર ૧૬૪૬ કેસ જ નોંધાયા છે. તો બીજી તરફ ૩૯૫૫ દર્દીઓ સાજા થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કોરોનાને કુલ ૧૧,૮૭,૨૪૯ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ ૯૭.૮૦ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૨,૨૮,૫૦૭ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે. કુલ ૧૫૯૭૨ દર્દી એક્ટિવ છે. જે પૈકી ૧૦૩ નાગિરકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૧૫૮૬૯ દર્દીઓ સ્ટેબલ છે. જ્યારે ૧૧૮૭૨૪૯ દર્દીઓ ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે. જ્યારે ૧૦૭૯૫ નાગરિકોનાં મોત થઈ ચુક્યાં છે. આજે કોરોનાને કારણે ૨૦ નાગરિકોનાં મોત થઈ ચુક્યાં છે. ભાવનગરમાં ૨, દાહોદમાં ૧, પંચમહાલ ૧, ભરૂચમાં ૨, સાબરકાંઠામાં ૧, મહેસાણામાં ૧, સુરતમાં ૩, વડોદરા કોર્પોરેશનમાં ૪, અમદાવાદ કોર્પોરેશનમાં ૫ નાગરિકોનાં મોત થઈ ચુક્યો છે.

હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૧૮ ને પ્રથમ અને ૩૪ ને બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૩૩૦૭ ને પ્રથમ અને ૧૧૧૧૬ ને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૧૬૮૮૮ ને પ્રથમ અને ૬૨૩૮૫ ને બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧૫-૧૮ વર્ષના ૧૬૪૬૪ને પ્રથમ અને ૮૨૯૯૩ ને બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૩૫૩૦૨ ને પ્રિકોર્શન ડોઝ અપાઈ ચુક્યો છે. ૨,૨૮,૫૦૭ કુલ ડોઝ અપાયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૦,૦૯,૪૫,૫૬૪ ડોઝ અપાઈ ચુક્યાં છે.

# જિલ્લાના ગ્રામ્યમાં ગઈકાલની તુલનામાં ૩ કેસ વધુ નોંધાયા

**ઉવારસદમાં બે દિવસ પહેલા જન્મેલી દિકરી કોરોનાથી સંક્રમિત થઈ : દહેગામમાં ૪, ગાંધીનગરમાં ૧૬, કલોલમાં ૧૦, માણસામાં ૨ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યામાં આજે નજીવો વધારો જોવા મળ્યો છે. ગઈકાલની તુલનામાં આજે ૩ કેસ વધુ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૨ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યામાં થઈ રહેલી વધઘટથી તંત્ર ચિંતાતુર છે. જો કે ગ્રામીણ વિસ્તારમાં સંક્રમણ ઘણુ ઘટી ગયાનું અને પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ કહ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો ૪૧૦૦ને પાર કરી ગયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૪, ગાંધીનગરમાં ૧૬, કલોલમાં ૧૦ અને માણસામાં ૨ કેસ નોંધાયા છે.

ગ્રામીણ વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૪ મહિલા દર્દી નોંધાયા છે. ૮ વિદ્યાર્થી, એક ખેડૂત, એક સરકારી કર્મચારી તેમજ રક્ષાશક્તિ યુનિ.નો કર્મચારી પણ સંક્રમિત થયો છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૪ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયના છે. ૬ દર્દી ૬૦ થી વધુ વયના નોંધાયા છે. જિલ્લામાં મહિલા દર્દી, વિદ્યાર્થી તેમજ વયસ્કો સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

જિલ્લામાં આજે ૩ દર્દી ૧૦ કે તેથી ઓછી વયના નોંધાયા છે. અદાણી શાંતિગ્રામમાં ૭ વર્ષની દિકરી અને જાખોરામાં ૮ વર્ષનો દિકરો સંક્રમિત થયો છે. ઉવારસદમાં બે દિવસ પહેલાં જ જન્મેલી દિકરી સંક્રમિત થઈ હોવાનું જણાતાં આ દિકરીને ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવી છે.

દહેગામમાં બહિયલ, વાસણારાઠોડ, ભુતેશ્વરી, લવાડ ગામેથી કેસો મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં સીઆરપીએફ કેમ્પમાંથી ૩ કેસ, અડાલજમાંથી ૪ કેસ, ઉવારસદમાંથી ૨ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત જાખોરા, સાદરા, ડભોડા, વલાદ, સોનારડા, શિહોલીમોટી અને અદાણી શાંતિગ્રામમાંથી કેસ મળી આવ્યા છે.

કલોલ તાલુકામાં બોરીસણામાંથી ૨, કલોલ શહેરમાંથી ૪ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત વડસર, નારદીપુર, વાંસજડા, ઉનાલી ગામેથી પણ કેસ મળી આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# વરસાદી દિવસોમાં નવા ગ્રામવન તૈયાર કરાશે : ૭ હેકટરમાં ૫૨૦૦ રોપાઓની વાવણી કરાશે

**ગ્રામવન તૈયાર કરવા માટે ટુંકમાં જ જગ્યાની સફાઇ અને ખાડા ખોદવાનુ કામ શરૂ કરાશે**

ગાંધીનગર તા ૧૨

વરસાદી દિવસો દરમિયાન શહેરમાં નવા રોપાઓની વાવણી કરવા માટે ખાડા ખોદવામાં આવી રહ્યા છે.જયારે ગ્રામ્ય વિસ્તારમાં પણ ગ્રામ વન તૈયાર કરવા માટે આયોજન કરાયુ છે. જેમાં પિયત અને બિનપિયત ગ્રામવનને અનુલક્ષી અંદાજિત ૭ હેકટરમાં ૫૨૦૦ જેટલા રોપાઓની વાવણી કરાશે.

વન વિભાગ દ્વારા વરસાદી દિવસોમાં શહેરના સેકટરોમાં નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે ચોમાસા દરમિયાન વાવેતર કરવા માટે અત્યારથી જ ખુલ્લી જગ્યાની ઉપલબ્ધિ મુજબ ખાડા ખોદવાની કામગીરી શરૂ કરી દેવામાં આવે છે. શહેરના સેકટરોમાં પણ આગામી ચોમાસા દરમિયાન નવા રોપાઓની વાવણી કરવા માટે ખાડા ખોદવામાં આવી રહ્યા છે. જયારે બોરીજ રેન્જમાં સમાવિષ્ટ ગામોમાં પણ ગ્રામવન તૈયાર કરવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. ગ્રામવનના નિર્માણ માટે વનતંત્ર દ્વારા કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારમાં ગૌચરની જમીનમાં પિયત અને બિન પિયત ગ્રામવન તૈયાર કરવા માટે આયોજન કરી દેવાયુ છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૨ હેકટર વિસ્તારમાં પિયત અને ૫ હેકટર વિસ્તારમાં બિન પિયત ગ્રામવન તૈયાર કરવા માટે તૈયારી કરવામાં આવી રહી છે. ગ્રામ્ય વિસ્તારમાં સરપંચ કક્ષાએથી ઠરાવ કરવામાં આવ્યો હોય તેવા ગામોમાં આ મુજબ વન તૈયાર કરવા માટે કામગીરી કરવામાં આવશે. જેમાં અંદાજે જમિયતપુરા, સોનીપુર અને ઉનાવા સહીતના ગામનો સમાવેશ કરવામાં આવશે. જેમાં પાણીની જરૂરિયાત વિશેષ રહેતી હોય તેવા રોપાઓની વાવણી કરવા માટે અલબત્ત પિયત ગ્રામ વન અન્વયે એક હેકટર દીઠ ૧૬૦૦ રોપાઓની વાવણી કરાશે. અલબત્ત કુલ બે હેકટરમાં અંદાજિત ૩૨૦૦ રોપાઓની વાવણી કરાશે આ ઉપરાંત બિનપિયત ગ્રામવન અન્વયે એક હેકટરે ૪૦૦ રોપાઓની વાવણી કરાશે જેમાં વરસાદી દિવસોમાં મળતા પાણીથી જે રોપાઓનો સરળતાથી ઉછેર થઈ જાય તે મુજબની વાવણી કરાશે. જે અન્વયે કુલ ૨ હજાર રોપાઓની વાવણી કરાશે ગ્રામવન તૈયાર કરવા માટે આ વિસ્તારમાં સ્થળ સફાઈ તેમજ ફેન્સીંગ સહીતની કામગીરી પણ હાથ ધરવામાં આવશે. જે મુજબ કુલ ૭ હેકટર જગ્યામાં ૫૨૦૦ જેટલા નવા રોપાઓ ઉછેરવામાં આવશે. વરસાદી દિવસોમાં શહેરના સેકટરોમાં નવા રોપાઓની વાવણી કરવા સહીત ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામવન તૈયાર કરાશે ત્યારે શહેરના વન આરક્ષિત વિસ્તાર પણ છેલ્લા ઘણાં સમયથી ઉજ્જડ હાલતમાં છે. જેને અનુલક્ષીને પણ વન વિસ્તારની રોનક નિખારવા માટે સફાઈ અને હરિયાળીનુ જતન થાય તે મુજબ આયોજન કરવામાં આવે તેવી લાગણી પણ પ્રબળ બની છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

પરંપરા
ફાર્મ એન્ડ પાર્ટી પ્લોટ
ક-૭ સર્કલથી રાંધેજા ચોકડી પહેલા, ટાટા મોટર્સની સામે, ગાંધીનગર
પાર્ટી પ્લોટ, રૂમો, ડેકોરેશન સાથે ૩૦૦૦ વ્યક્તિનાં ફંકશનની ઈવેન્ટ માટે
સંપર્ક : શ્રી રાવલ મંડપ ડેકોરેશન કેટરર્સ
Mo. 7359800880, 9824267535, 9427487999

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com